# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન

## શહેરી શેરી ફેરીયા(સ્ટ્રીટ વેન્ડર્સ) સ્કીમ -૨૦૧૦

# અનુક્રમણિકા

પાના નંબર


| | | |
|---|---|---|
| ૧. | પ્રારંભિક/પ્રસ્તાવના | ૦૩ |
| ૨. | વ્યાખ્યાઓ અને સંજ્ઞાઓ | ૦૩ |
| ૩. | ટાઉન વેન્ડીંગ કમીટી | ૦૪ |
| ૪. | મોનીટરીંગ કમીટી | ૦૭ |
| ૫. | સ્ટ્રીટ વેન્ડીંગ ઝોન | ૦૭ |
| ૬. | વેન્ડીંગ પરવાના અંગેના નિયમો અને શરતો | ૦૮ |

## ૧. પ્રસ્તાવના:

નેશનલ પોલીસ ઓન સ્ટ્રીટ વેન્ડર્સ સંદર્ભે " સેવા" સંસ્થા દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં "ડ્રાફ્ટ નેશનલ પોલીસી ફોર અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ ૨૦૦૪" ના અમલીકરણ બાબતે SP.C.A.NO.18058/06થી રીટ પીટીશન દાખલ કરવામાં આવેલ.સદરહુ રીટ પીટીશનમાં નામદાર ગુજરાત હાઈકાર્ટે તા.૧૬/૩/૦૯ના રોજ આપેલ ઓરલ ઓર્ડર મુજબ સમગ્ર અમદાવાદ શહેર માટે ડ્રાફ્ટ નેશનલ પોલીસી ફોર અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ-૦૪ અન્વયે નં.૨૮૧,તા.૨૫/૬/૦૯ તથા મ્યુનિ.બોર્ડના ઠ.નં.૨૫૬,તા.૨૪/૭/૦૯થી મળેલ મંજુરી અનુસાર ડ્રાફ્ટ સ્કીમ તૈયાર કરવા સ્ટેન્ડીગ કમીટીએ ઠરાવ કરેલ છે.જે અન્વયે સેપ્ટ સંસ્થાને સોંપેલ કામગીરી અંતર્ગત તૈયાર કરેલ રીપોર્ટના તારણો અને નેશનલ પોલીસી ઓન અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ-૨૦૦૯ની જોગવાઈઓને ધ્યાને લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ્ વિસ્તારમાં ફરતા ફેરીયાઓ વગેરેને આજીવીકા મળી રહે અને શહેરી ફેરીયાના ઉત્કર્ષ માટે અને શહેરી અર્થતંત્રમાં ગતિશીલતા આવે તે માટે અને શહેરી વાહન વ્યવહાર તથા રાહદારીઓ ફુટપાથ ઉપર સરળતાથી ચાલી શકે અને ટ્રાફીક સરળતાથી વહન થાય તે માટે તથા શહેરીજનોની સુખાકારી/જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રસ્તા-શેરી-જાહેર સ્થળોમાં ગીચતા વધે નહીં તે રીતે આ "શહેરી શેરી ફેરીયા સ્કીમ-૨૦૧૦" બનાવવામાં આવેલ છે.

## ૨. વ્યાખ્યાઓ અને સંજ્ઞાઓ:

આ સ્કીમ "શહેરી શેરી ફેરીયા સ્કીમ-૨૦૧૦" તરીકે ઓળખાશે.

- **ટાઉન વેન્ડીંગ કમીટી :** નેશનલ પોલીસી ઓન અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ અંતર્ગત સૂચવેલ શહેરી ફેરીયા વગેરેને લગતા નિયમનો માટે રચવામાં આવતી કમીટી અને જેનું નામ "અમદાવાદ ટાઉન વેન્ડીંગ કમીટી" (અ.ટા.વે.ક.) રહેશે.
- **મોનીટરીંગ કમીટી:** બી.પી.એમ.સી.એકટ-૧૯૪૯ અંતર્ગત રચાયેલ સ્ટેન્ડીગ કમીટી સદરહુ સ્કીમમાં ટાઉન વેન્ડીંગ કમીટીની મોનીટરીંગ કમીટી ગણાશે.
- **સ્થાયી જગ્યા:** ટાઉન વેન્ડીગ કમીટી અન્ય મિલકત પર ફેરી માટે સવારથી સાંજ સુધી વેન્ડીગ માટે ફાળવી શકે તેવી જગ્યા.
- **વોર્ડ લેવલ વેન્ડીંગ ઝોન:** વોર્ડ/શહેરી વિસ્તારમાં ટાઉન વેન્ડીગ કમીટીએ સૂચવેલ ઝોન

- **વેન્ડીંગ ઝોનના પ્રકારો / વિભાગો** :- રોડ સાઇઝ તથા ટ્રાફીકના ભારણના આધારે વોર્ડમાં સમાવિષ્ટ થતા રોડને ત્રણ વિભાગ/પ્રકારમાં વહેંચેલ છે.

**1.ગ્રીન વેન્ડીંગ ઝોન**:- કોઇ પણ પ્રતિબંધો સિવાય વેન્ડીંગ કરી શકાય તેવો નિયત કરેલ વિસ્તારવાળો ઝોન.(Restriction free vending)

**2.અમ્બર વેન્ડીંગ ઝોન:-** જ્યાં શરતોને આધીન વેન્ડીંગ કરી શકાય અથવા ખાસ દિવસોએ નિયત કરેલ સમયે ફેરી કરી શકાય તેવો નિયત કરેલ ઝોન.(Restricted vending)

3. રેડ વેન્ડીંગ ઝોન:-જે વિસ્તારમાં વેન્ડીંગ/ફેરી પરવાનગી મળવાપાત્ર નથી તેવો નિયત કરેલો ઝોન. (No vending)

**4. ગ્રીન વેન્ડીંગ માર્કેટ:-** ટાઉન વેન્ડીંગ કમિટીએ માન્ય કરેલ એવી જગ્યા કે જ્યાં કાયમી ધોરણે ફેરીયાઓ ઉભા રહે છે અથવા ફેરીની પ્રવૃત્તિ કરે છે તેવી જગ્યા.

- **સંજ્ઞાઓ:**

અ.મ્યુ.કો. - અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
અ.ટા.વે.ક.- અમદાવાદ ટાઉન વેન્ડીંગ કમીટી:
બી.પી.એમ.સી.એક્ટ-બોમ્બે પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯
એન.જી.ઓ.- નોન ગર્વમેન્ટ ઓર્ગેનાઇઝેશન
સેવા- સેલ્ફ એમ્પ્લોઇડ વુમન એસોસીએશન

## ૩.અમદાવાદ ટાઉન વેન્ડીંગ કમીટી

**રચના:**

નેશનલ પોલીસી ઓન અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ ૨૦૦૯ની રેગ્યુ. ૪.૫.૧ પ્રમાણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ તમામ વિસ્તારો માટે નીચે જણાવેલ સભ્યોની ટાઉન વેન્ડીંગ કમીટી રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | મ્યુનિસિપલ કમિશનરશ્રી | **અધ્યક્ષશ્રી** |
| ૨. | મેયરશ્રી અથવા તેમના પ્રતિનિધિ | **સભ્યશ્રી** |
| ૩. | કલેક્ટરશ્રી(અમદાવાદ) અથવા તેમના પ્રતિનિધિ, | **સભ્યશ્રી** |
| ૪. | જોઇન્ટ કમિશનર ઓફ પોલીસ(ટ્રાફીક) શ્રી અથવા તેમના પ્રતિનિધિ | **સભ્યશ્રી** |
| ૫. | નેતાશ્રી, વિરોધ પક્ષ | **સભ્યશ્રી** |

| | |
|---|---|
| ૬. ચેરમેનશ્રી(એસ્ટટે મેનેજમેન્ટ કમીટી) | **સભ્યશ્રી** |
| ૭. વેપારી મહામંડળના પ્રતિનિધિ, | **સભ્યશ્રી** |
| ૮. લોયર(૧ પ્રતિનિધિ) | **સભ્યશ્રી** |
| ૯. ટાઉન પ્લાનર(૧ પ્રતિનિધિ) | **સભ્યશ્રી** |
| ૧૦. આર્કીટિકટ(૧ પ્રતિનિધિ) | **સભ્યશ્રી** |
| ૧૧. ટ્રેડ અને કોમર્સ(૧ પ્રતિનિધિ) | **સભ્યશ્રી** |
| **૧૨.** રેસીડન્ટ વેલ્ફેર એસો.ના (૨ પ્રતિનિધિ) | **સભ્યશ્રી** |
| ૧૩. સ્વૈચ્છિક સંસ્થાઓ(એન.જી.ઓ.) (૧ પ્રતિનિધિ) | **સભ્યશ્રી** |
| ૧૪. કોમ્યુનીટી બેઝ ઓર્ગેનાઇઝેશનના (૩ પ્રતિનિધિ) (including non official political members) | **સભ્યશ્રી** |
| ૧૫. શહેરમાં જુદાજુદા વિસ્તારનાં ફેરીયાઓ /વેન્ડર્સના પ્રતિનિધીઓ(૧૦ પ્રતિનિધીઓ તે પૈકી ૧/૩ મહિલા સભ્ય) | **સભ્યશ્રી** |
| **૧૬.** એસ્ટેટ ઓફિસરશ્રી | **સભ્ય સચિવશ્રી** |
| **સભ્ય સંખ્યા-૨૭+૧ એમ કુલઃ૨૮ સભ્યો** | |

* મ્યુનિસિપલ કોર્પોરેશનની હદને અડીને આવેલ સ્થાનિક સત્તા વિકાસ મંડળના મુખ્ય કારોબારી અધિકારી / મુખ્ય અધિકારી આ કમિટીના આમંત્રીત સભ્ય રહેશે.

- **કમીટીની કાર્યસૂચી/કાર્યોઃ**

ઉપરોકત કમીટીના કાર્યસૂચિ/કાર્યો નેશનલ પોલીસી ઓન સ્ટ્રીટ વેન્ડર્સ-૨૦૦૯ના રેગ્યુલેશન નં. ૪.૫.૨માં જણાવ્યા મુજબ રહેશે.

સદરહુ સ્કીમના અમલીકરણની સંપૂર્ણ સત્તા આ કમીટીની રહેશે.સ્કીમના નિયમો બનાવવાની અને તેમાં જરૂરી સુધારા વધારા કરવાની સત્તા આ કમીટીની રહેશે.કમીટીએ લીધેલા નિર્ણયો બનાવેલ નિયમો વગેરેની જાણ/મંજૂરી સ્ટે. કમીટી/મોનીટરીગ કમીટીની મેળવી લેવાની રહેશે. સદરહુ કમીટી નિયમો/કામગીરી મુખ્યત્વે નીચે મુજબના મુદ્દાઓ આધારિત રહેશે.

૧. ટાઉન વેન્ડીગ કમિટી વેન્ડીગ ઝોન અને વેન્ડીગ માર્કેટમાં માળખાકીય સુવિધાઓનું મોનીટરીગ કરશે અને તેની જાળવણી પણ કરશે.

૨. ટાઉન વેન્ડીગ કમિટી સાપ્તાહિક બજાર, ફેસ્ટીવલ બજાર અને નાઇટ બજાર વ્યવસ્થિત રીતે નિયંત્રિત થાય તે માટેનું માળખું નકકી કરાવશે.

૩. સમયાંતરે સ્ટ્રીટ વેન્ડીગનો સર્વે કરાવશે.

૪. ઉપરોકત સર્વે આધારિત જે તે વિસ્તારમાં પરવાનેદારની સંખ્યામાં વધારો કે ઘટાડો નક્કી કરશે.

૫. સ્ટ્રીટ વેન્ડર્સનું રજીસ્ટ્રેશન,રજીસ્ટ્રેશન રદ કરવા, ઓળખપત્રો ઇસ્યૂ કરવા અંગેના નિયમો/નીતિ નક્કી કરશે.

૬. જે તે વોર્ડ/વિસ્તારમાં વેન્ડીગ ઝોન નકકી કરવા માટેની પધ્ધતિ/નિયમો નક્કી કરવા.

૭. ગ્રીન વેન્ડીગ માર્કેટ અને વેન્ડીગ ઝોન નક્કી કરી તેમાં જાહેર જનસુવિધાઓનું મોનિટરીગ.

૮. વેન્ડીગ ઝોનમાં વેન્ડર્સનું ઘનત્વ નક્કી કરશે.

૯. વેન્ડીગ ઝોન વિગેરેમાં દિવસ, વાર, તારીખ અને સમય નક્કી કરવા તથા તે અંગેનાં ચિન્હો મુકવા માટેની જગ્યાઓ નક્કી કરશે.

૧૦. વેન્ડીગ માટે નિયમો અને શરતો બનાવશે. તથા ડિફોલ્ટરો માટે કરેક્ટીવ ઉપાયો નક્કી કરશે.

૧૧. વેન્ડીગ માટેની ફી તથા તેને ઉઘરાવવાની બાબતો નક્કી કરશે.

૧૨. વેન્ડર્સ તેને ફાળવેલ જગ્યાઓ પોતાના માટે જ ઉપયોગ કરશે તે સુનિશ્ચિત કરશે અને અન્યને ભાડે કે વેચાણથી આપી શકશે નહી તે બાબતો પર નિયમો બનાવશે.

૧૩. સાપ્તાહિક બજાર,રાત્રિ બજાર,ઉત્સવ બજાર વગેરેના એસોસીએશનોને મદદ કરશે.

૧૪. વેન્ડર્સ જે પણ માલસામાન કે સેવા વેચે તેની ગુણવત્તા ધારા-ધોરણ મુજબ હોવી જોઇએ તે અંગે નિર્દેશો કરશે.

૧૫. રાજ્ય સરકાર જે સૂચવે તે મુજબના કાર્ય અને કામગીરી નિભાવવાની રહેશે.

**૧૬. જ્યારે ફેરીયાઓ અને અમલીકરણ સત્તા તંત્ર વચ્ચે કોઇ વાદ-વિવાદ થાય તો તેના નિવારણની કામગીરી ટાઉન વેન્ડીગ કમીટી (TVC)એ કરવાની રહેશે.**

**૧૭. વેન્ડર્સની ઉન્નતિ માટે નેશનલ પોલીસીમાં જણાવેલ મુદ્દાઓ-(૧)જાહેર સુખાકારી અને આરોગ્ય (૨) ફેરીયાના આરોગ્ય (૩)ફેરીયાના શિક્ષણ અને તાલીમ**

**(૪)નાણંકીય અને વીમો (૫)સ્થાયી ફેરીયાઓને જગ્યા ફાળવણી (૬)બાળ ફેરીયાનુ પુનઃઉત્ત્થાન (૭)ફેરીયાઓની સંસ્થાને મદદ (૮)બિન સંગઠીત કામદારોની ઉન્નતિની જેમ ફેરીયાની ઉન્નતિ વગેરે બાબતો વિચારણા હેઠળ લેશે.**

**૧૮. શહેરના લોકોને દરેક વિસ્તારમાં તાજા શાકભાજી મળી રહે તે માટે નવી તથા જુની લીમીટમાં ટી.પી. સ્કીમમાં જ્યાં ઉપલબ્ધ હોય તેવા ખુલ્લા પ્લોટોમાં શાકભાજી બજાર(વેજીટેબલ માર્કેટ)ની જોગવાઇ કરશે,તે અંગે માળખું ગોઠવશે અને તેને અનુષાંગિક કાર્યવાહી અંગેના નિર્દેશો કરશે.**

## ૪.મોનીટરીગ કમીટીઃ

**રચનાઃ**

બીપીએમસી એકટ-૧૯૪૯ અનુસાર રચાયેલ અ.મ્યુ.કો.ની સ્ટેન્ડીગ કમીટી આ સ્કીમની મોનિટરીગ કમીટી તરીકેની સત્તાઓ ભોગવશે. આ મોનીટરીગ કમીટી અ.ટા.વે.ક.ના કાર્યો પર સતત દેખરેખ રાખશે અને તે કમીટીને આ યોજના અમલીકરણ માટે જરૂરી નિર્દેશો આપશે.આ અ.ટા.વે.ક.માં બીન સરકારી સભ્યોની નિમણૂંક કરવાની સત્તા મોનીટરીગ કમીટીની રહેશે. અ.ટા.વે.ક. એ મોનીટરીગ કમીટીએ મંજૂર કરેલ નિયમો/ કાર્યપધ્ધતિ/જોગવાઇઓ અનુસાર આ યોજનાનું અમલીકરણ કરશે.અને સમયાંતરે જરૂરી સુધારાઓ સુચવશે.

## 5.સ્ટ્રીટ વેન્ડીગ ઝોનના નિયમોઃ

દરેક વોર્ડવાઇઝ અ.ટા.વે.કમીટીએ નકકી કરેલ વેન્ડીગ ઝોનને આધીન કોઇપણ પ્રકારનું વેન્ડીગ જરૂરી પરવાના/લાયસન્સ વગર કરી શકાશે નહિ.

**નકકી કરેલ વેન્ડીગ ઝોનની વિગતઃ**

**૧.ગ્રીનઝોનઃ-** ફ્રી વેન્ડીગ એરિયા જ્યાં કોઇ પણ નિયંત્રણ સિવાય વેન્ડીગ કરી શકશે.જેમાં રેસી.ઝોનમાં ૧૫ મી.થી ઓછા પહોળાઇના રોડ ઉપર સવારે ૭.૦૦(સાત) થી સાંજના ૯.૦૦(નવ) વાગ્યા સુધી તમામ દિવસોમાં,સાપ્તા**હીક** બજાર,રાત્રી

બજાર,ઉત્સવો તથા રજાના દિવસોએ ઓથોરીટીએ દર્શાવેલ સમયે વેચાણ કરી શકશે. (Restriction free vending)

**૨.અમ્બર ઝોનઃ-** જ્યાં વેન્ડીગ નિયમો ને આધિન પરવાનગી/રજાને પાત્ર છે.અથવા ખાસ દિવસોએ નિયત સમયે વેચાણ. કોમર્શીયલ ઝોન જ્યાં રોડની પહોળાઇ ૧૫ મી થી વધુ હોય ત્યાં સવારે છ થી નવ તથા સાંજે છ થી નવ દરમ્યાન વેચાણ કરી શકાય, ઇન્સ્ટીટયુશનલ ઝોન હોય ત્યાં પ્રતિબંધિત ચીજો સિવાય બધા દિવસોએ સવારે સાત થી સાંજનાં સાત સુધી વેચાણ કરી શકાય. હેરિટેજ ઝોનથી ૨૦૦ મીટર દુર તમામ દિવસે સવારે સાત થી સાંજ ના સાત સુધી વેચાણ કરી શકાય (Restricted vending).

**૩. રેડ ઝોનઃ-** વેન્ડીગ પરમીશીબલ નથી.૩૦ મી.અને તેનાથી મોટા રોડ, હેવી ટ્રાફીક વાળા રોડ, હેરીટેજ ઝોનથી ૨૦૦ મીટર ત્રિજ્યામાં,મેજર કોમર્શીયલ ઝોન, હેવી ટ્રાફીક ઝોનમાં વેન્ડીગ પરમીશીબલ નથી.(No vending)

## 6.વેન્ડીગ પરવાના અંગેના નિયમો અને શરતોઃ

નેશનલ પોલીસી ઓન અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ-૦૯ની રેગ્યુ. ૪.૫.૩ની આધારે નીચે મુજબના વેન્ડીગ પરવાના અંગેના સૂચિત નિયમો, શરતો તથા ફીનું માળખું નીચે મુજબ રહેશે.

- **નિયમો/શરતોઃ**

આ સ્કીમ અંતર્ગત નીચે જણાવેલ નિયમોને આધિન પરવાના આપવામાં આવશે.પરવાના જે તે ઝોનના જેતે વોર્ડમાં નિયત કરેલ સંખ્યામાં જ આપવામાં આવશે.

૧. વેન્ડર્સની લાયકાતઃ-ભારતીય નાગરિકત્વ ધરાવતા ૧૮ વર્ષથી મોટી ઊંમરના,તારીખ ૩૧/૧૨/૦૯ અગાઉ અમદાવાદ શહેરમાં ૧૦(દશ) વર્ષથી રહેતા હોય તેવા તેમજ ભારતના ચૂંટણીપંચે ઇસ્યૂ કરેલ ઓળખકાર્ડ ધરાવનાર,**ઇલેકશન કાર્ડ ન હોય તેવાજ કિસ્સામાં રેશન કાર્ડ/ બી.પી.એલ કાર્ડ આધાર પુરાવા તરીકે રજુ કરી શકશે.**તથા ફકત ફેરીથી જેનું જીવનનિર્વાહ થાય તેવા જ ઇસમને આ પરવાના ઇસ્યૂ કરવામાં આવશે. ફેરી પરવાના સિવાય બીજો અન્ય કોઇ પણ ધંધો/નોકરી હોવો જોઇએ નહિં.

૨. પરવાના મેળવવા માટે અ.ટા.વે.કમીટીએ નિયત કરેલ કચેરી/સ્થળે અરજી કરવાની રહેશ.

૩. પરવાનાની મુદત વધુમાં વધુમાં ત્રણ વર્ષની રહેશે.

૪. અરજદારને લારી ફેરી માટે પરિશિષ્ટ “અ” માં જણાવેલા પ્રતિબંધિત વિસ્તારો સિવાયના વિસ્તારમાં જણાવેલ સમય અનુસાર જે વોર્ડમાં લારી ફેરી કરવી હશે તે વોર્ડનું નામ/ઝોન તથા ઇલેકશન કાર્ડ રજૂ કરી સીટી સીવિક સેન્ટર પરથી પરવાનો માંગવાનો રહેશે.

૫. અરજદારે પોતાની પાસે બીજુ કોઇ આવકનું સાધન નથી અને પોતે પોતાની આજીવિકા માટે જ વેન્ડીગ / ધંધો કરે છે તે મુજબનું બાંહેધરી પત્રક/ સોગંદનામુ રજુ કરવાનું રહેશે.

૬. ૧૮ વર્ષથી નીચેના કોઇપણ બાળક/ઇસમ ને વેન્ડીગ પરવાનો આપવામાં આવશે નહીં.

૭. અરજદારને જે વિસ્તારમાં લારી ફેરી કરવી હશે તે વિસ્તાર/વોર્ડ સ્પષ્ટ જણાવી પરવાનો માંગવાનો રહેશે.

૮. પરવાનો મળ્યેથી પરવાનાદારે નિયત કરેલ વિસ્તારમાં ફરીને પોતાનો વેન્ડીગ કરી શકશે અને નિયત વિસ્તારમાં નક્કી કરેલ સમય મુજબ ધંધો કરી શકશે.જો તેઓને જરૂર જણાય તો મર્યાદિત સમય માટે નિયત કરેલ નિયત સમયમર્યાદામાં ઊભા રહી શકશે.

૯. લારી ફેરી કરનારાઓએ જે જગ્યાએ ઉભા રહે ત્યાં, એક જ હારમાં ઉભા રહીને ધંધો કરી શકશે. એકથી વધુ હરોળ બનાવી શકશે નહીં.

૧૦. લારી ઉભી રાખે ત્યારે રસ્તાના કિનારની નજીક ઉભી રાખવાની રહેશે અને લારીને કોઇ પણ બસ સ્ટેન્ડ કે રસ્તાના ખુણાઓ/રસ્તાના જંકશનથી ઓછામાં ઓછા ૫૦ ફુટ દુર ઉભી રાખવાની રહેશે.

૧૧. પરવાનેદાર કોઇપણ સંજોગોમાં રાત્રીના ૯.૦૦ પછી લારી ફેરી કરીને માલ વેચી શકશે નહીં.

૧૨. ફેરિયાઓને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ને અગાઉ નિયત કરેલ ડીઝાઇન મુજબની હાથલારી વાપરવાની રહેશે.જેમાં હાથલારીની લંબાઇ ૧.૫ મીટરથી વધુ નહી, પહોળાઇ ૧.૧૦ મીટરથી વધુ નહી અને તેમાં ભરેલ માલસમાન સહિતની ઉંચાઇ જમીનની સપાટીથી ૧.૪૦ મીટર કરતાં વધે નહી, તે રીતે રાખવાની રહેશે. આમાં લારી ઉપરના છાપરાઓનો સમાવેશ થતો નથી. હાથ લારીની લંબાઇ અને પહોળાઇની બહાર કોઇ વસ્તુનું જોડાણ કે કિનારી વિગેરે કરી શકાશે નહી.

૧૩. નાગરિકોને ત્રાસ થાય કે કંટાળો ઉપજે તેવું કોઇ પણ પ્રકારનું કૃત્ય પરવાનેદાર કરશે નહી, તેમજ કોઇ શહેરી રસ્તા કે ફુટપાથો પર અવરોધ કરશે નહી.

૧૪. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પ્રતિબંધિત કર્યા છે તેવા વિસ્તારો/ રસ્તાઓ તથા અન્ય રસ્તાઓમાં પ્રતિબધિત સમયે કોઇ પરવાનેદાર લારી ફેરી કરીને માલ વેચી શકશે નહી.

૧૫. લારી ફેરીવાળાઓએ પ્રતિબંધિત વિસ્તારો,પ્રતિબંધિત સમયે તેમજ નો હોકીગ ઝોનમાંથી પસાર થતી વખતે વેચવાની વસ્તુઓ ઢાંકી રાખવી પડશે કે જેથી તે બહારથી જોઇ શકાય નહીં.

૧૬. નાગરિકોનું ધ્યાન ખેંચવા માટે પરવાનેદાર ઘંટ વગાડશે નહીં કે યાંત્રિક સાધનોનો ઉપયોગ કરશે નહી.

૧૭. પરવાનેદારે લારીમાં સંપૂર્ણ ચોખ્ખાઇ રાખવાની રહેશે.

૧૮. પીણાંઓ અને ખાધપદાર્થોના વેચાણ સંબંધી બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ તેમજ પી.એફ.એ. એકટ ૧૯૫૪ની જોગવાઇઓનું પાલન કરવું પડશે અને તે કાયદાઓ નીચે તેમને જરૂરી લાયસન્સો અલાયદા મેળવવાના રહેશે.

૧૯. પરવાનેદાર કે તેની સાથે કામ કરતી કોઇ વ્યકિત કોઇ ચેપી રોગ કે ભયજનક રોગથી પીડાતી હશે તો, તેઓ રોગમુકત થાય નહી ત્યાં સુધી લારી ફેરીનો ધંધો કરી શકશે નહી.

૨૦. પરવાનેદાર કોઇપણ સંજોગોમાં પરવાનો તબદિલ કરી શકશે નહી.

૨૧. પરવાનેદારે પરવાનો ધંધો કરતી વખતે પોતાની સાથે રાખવાનો રહેશે અને કોઇપણ મ્યુનિ. અધિકારી અથવા અમલદાર માગે ત્યારે રજુ કરવાનો રહેશે.

૨૨. કોઈ પણ સંજોગોમાં લાયસન્સ ફી પરત આપવામાં આવશે નહી.

**૨૩. "ફી" નુ ધોરણ નીચે જણાવ્યા મુજબ છે.**

| અનુ | વિગત | ઓળખપત્ર ની ફી રૂા. | લાયસન્સ ફી રૂા. (વાર્ષિક) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | (અ) ચાર પૈડાવાળી હાથલારી ખાદ્યપદાર્થ (શાકભાજી, ફળ ફળાદી) વેચનાર માટે | ૧૦૦/- | ૨૦૦/- |
| | (બ) ઉપરોકત (અ) સિવાયનાં ખાદ્યપદાર્થ માટે | ૧૦૦/ | ૪૦૦/- |
| | (ક) અખાદ્ય પદાર્થ માટે | ૧૦૦/ | ૫૦૦/- |

૨૪. આ પરવાનાની અમલી મુદત ૩ વર્ષની રહેશે. દર વર્ષે જાન્યુઆરી માસમાં રીન્યુ કરવાનો રહેશે.

૨૫. પરવાના સાથે આપવામાં આવનાર પરવાના નંબર અને વર્ષ દર્શાવતુ લાયસન્સ કાર્ડ પરવાનેદારે હાથ લારીના આગળ પડતા ભાગ ઉપર લગાડવાનું રહેશે.

૨૬. દરેક અરજદાર હોકીંગ માટેના વોર્ડ પૈકી ત્રણ વિસ્તાર વિકલ્પ તરીકે બતાવી શકશે.

૨૭. પરવાનો જે વોર્ડ માટે લેવામાં આવશે તે વોર્ડમાં જ વેન્ડીંગ કરી શકાશે.

૨૮. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ કે તેના પ્રતિનિધિ દ્વારા વખતોવખત સૂચવ્યા કે જાહેર કર્યા મુજબ સૂચનાઓ/ હુકમોનું પાલન કરવાનું રહેશે.

# પરિશિષ્ટ "અ"

**અ.ટા.વે.કમીટી એ નક્કી કરેલ ઝોનના નકશામાં .....**

૧. રેડ ઝોન તરીકે નકકી કરેલ રોડમાં કોઇ પ્રકારની વેન્ડીગ પ્રવૃત્તિ કરી શકશે નહી.

૨. અંબર ઝોનથી દર્શાવેલ રસ્તાઓ ઉપર સવારે ૬.૦૦ થી ૯.૦૦ તથા સાંજે ૬.૦૦ થી ૯.૦૦ દરમ્યાન પરવાનેદાર ફેરી કરીને ધંધો કરી શકશે.

૩. ગ્રીન ઝોનમાં સામેલ રસ્તાઓ ઉપર સવારે ૭.૦૦ થી સાંજના ૯.૦૦ સુધી પરવાનેદાર ફેરી કરીને ધંધો કરી શકશે.